

આંગણે અતિથિઓ - ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શપથવિધિ સમારોહમાં દેશના ગણમાન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, ભાજપના અગ્રણીઓ સર્વશ્રી લાલકૃષ્ણ અડવાણી, રાજનાથસિંઘ, નિતીન ગડકરી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી સહિત પાંચ રાજ્યના મુખ્યમંત્રીઓ સર્વશ્રી શીવરાજસિંઘ, વસુંધરા રાજે, રમણસિંહ, મનોહર પરિકર અને પ્રકાશસિંઘ બાદલ ઉપરાંત શીવસેનાના આદિત્ય ઉદ્ધવ ઠાકરે અને જાણીતા ફિલ્મ અભિનેતા વિવેક ઓબેરોય અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા સહિતના મહાનુભાવો મંચ પર આંગણે અતિથિઓ બન્યા હતા. (તસવીર : દિપક જાની)

# હિરાબાએ નરેન્દ્રભાઈને લાપસી ખવડાવીને શુકનના રૂ. ૧૦૧ આપ્યા

## દિલ્હી જતા પહેલા મોદીએ માતાના આશીર્વાદ મેળવ્યા
## વિદાય આપતા ગુજરાતીઓની આંખો ભીની થઈ

ગાંધીનગર, તા.૨૨

૧૩ વર્ષના લાંબા શાસનકાળના અંતે તમામ -જાલક્ષી વિકાસકામોના માધ્યમથી -જામાં ચહિતા બનેલા નરેન્દ્ર મોદી ગુજરાતથી દિલ્હી પહોચ્યા છે. ગઈ કાલે મુખ્યમંત્રી અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યા બાદ આજે નરેન્દ્ર મોદીએ ગુજરાતના નવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના શપથવિધિમાં હાજરી આપી હતી. ત્યાર બાદ મોદી દિલ્હી જવા રવાના થયા હતા. જો કે આ પૂર્વે નરેન્દ્ર મોદી સે.૨૨ માં તેમની માતા હિરાબાના નિવાસ્થાને આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. આ તબક્કે આશીર્વાદ આપતા લાપસી ખવડાવી શુકનના રૂ.૧૦૧ આપ્યા હતા.



ગુજરાતીઓના હૃદયમાં આગવું સ્થાન ધરાવતા ભાવી -ધાનમંત્રી નરેન્દ્ર મોદીને વિદાય આપતા સમગ્ર રાજયમાં અનોખો અને સંવેદનાસભર માહોલ જોવા મળ્યો હતો. મોદી પી.એમ બનવાના છે તે વાતની ખુશીની સાથે ગુજરાત છોડીને દિલ્હી જવાના ટાણે આજે ઘણા ખરા ગુજ્જુઓની આંખો ભીની થઈ ગઈ હતી. આ તબક્કે ગુજરાતમાંથી વિદાય લેતા પૂર્વે નરેન્દ્ર મોદીએ ફરી એક વાર માતા હિરાબાના આશીર્વાદ મેળવ્યા હતા. માતા હીરાબાએ પુત્રને



(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

# આનંદીબેને મુખ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળ્યો

## મુખ્ય સચિવ સહિત વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારી-પદાધિકારીઓએ શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ગુરૂવારની ઢળતી સંધ્યાએ સ્વર્ણિત સંકુલ મુખ્યમંત્રી કાર્યાલયમાં રાજ્ય શાસનનો પદભાર સંભાળ્યો છે. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું ગૌરવ પ્રાપ્ત આનંદીબેન પટેલે મુખ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળતા મુખ્યસચિવ ડો. વરેશ સિન્હા, પોલીસ મહાનિદેશ પી.સી. ઠાકુર અને મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ સચિવો સાથે ઔપચારિક બેઠક યોજી હતી. આ અધિકારીઓએ મુખ્યમંત્રીને યશસ્વ શાસનકર્તા અને વિકાસયાત્રાના નવા સુકાની તરીકે શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી આનંદીબેનને પદભાર સંભાળવાના આ અવસરે વિવિધ પદાધિકારીઓ-અધિકારીઓ સચિવો વિભાગોના વડાઓ તથા કર્મયોગી સંગઠનોના પદાધિકારીઓએ અને અનેક શુભેચ્છકોએ પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી અને રાજ્યની વિકાસયાત્રામાં રાજ્ય શાસનને પોતાના સહયોગની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

# મોદીની અમદાવાદ વિમાની મથકે ઉષ્માસભર વિદાય

## વિમાની મથકે સાંસદો, ધારાસભ્યો, પ્રદેશ પદાધિકારીઓ તથા અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલ સહિત નગરસેવકો ઉમટી પડ્યા હતા

ગાંધીનગર, તા.૨૨

પદનામિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આજે દિલ્હી જતા પૂર્વે અમદાવાદ વિમાની મથકે ભાવસભર ઉષ્માપૂર્ણ વિદાય રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજ્ય મંત્રીમંડળના નવનિયુક્ત મંત્રીઓએ આપી હતી. નરેન્દ્ર મોદીને શુભેચ્છા વિદાય આપવા માટે અમદાવાદ વિમાની મથકે સાંસદો, ધારાસભ્યો, પ્રદેશ પદાધિકારીઓ તથા અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલ સહિત નગરસેવકો ઉમટી પડ્યા હતા. પદનામિત વડાપ્રદાનને શુભેચ્છા વિદાય આપવાના આ અવસરે મુખ્ય સચિવ ડો. વરેશ સિન્હા, પોલીસ મહાનિદેશક, પીસી ઠાકુર તથા વરિષ્ઠ સચિવો અધિકારીઓ, વિવિધ સેવા સંગઠનોના પદાધિકારીઓ, સંતો, ધર્મોચાર્યો એ પણ ઉપસ્થિત રહી ઉજ્જવળ ભાવિની શુભકામના પાઠવી હતી.

# કેશુબાપાને મોદી માનભેર મંચ પર લઈ ગયા



(તસવીર : દિપક જાની)

ગુજરાતના -થમ મહિલા મુખ્યમંત્રી તરીકે આજે આનંદીબેન પટેલે શપથ લીધા હતા. આ શપથવિધિ સમારોહમાં પદનામિત વડા-ધાન નરેન્દ્ર મોદીએ વિશેષ હાજરી આપી હતી. જયારે ભાજપના વરિષ્ઠ નેતાઓ સહીત અન્ય રાજયોના મુખ્યમંત્રીઓએ પણ હાજરી આપી હતી. આ તબક્કે મંચની સામે -થમ હરોળમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ નજરે પડ્યા હતા. કેશુભાઈને મંચ પર નહિ -ંતિ -થમ હરોળમાં બેસેલા જોઈ નરેન્દ્ર મોદી મંચ પરથી ઉતરી સીધા તેમની પાસે જઈ પહોંચ્યા હતા ત્યાર બાદ મોદી તેમનો હાથ પકડી મંચ પર લઈ આવ્યા હતા અને પોતાની બાજુમાં જ સ્થાન આપી માનભેર બેસાડ્યા હતા.

# ભાજપના કાર્યકરોની દાદાગીરી અમારી સરકાર છે મન ફાવે ત્યાં બેસીશું

ગાંધીનગર,તા.૨૨

મહાત્મા મંદિર ખાતે આજે યોજાયેલા મુખ્યમંત્રીના શપથવિધિ સમારોહમાં -વેશ અને બેઠક વ્યવસ્થાને લઈ -ારંભથી જ ભારોભાર અવ્યવસ્થા જોવા મળી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાજપના કાર્યકરોએ બેઠક વ્યવસ્થાના મામલે ભારે દાદાગીરી કરી હતી. મહત્મા મંદિરનો હોલ ખીચોખીચ ભરાયેલો હોવાથી -વેશદ્વાર બંધ કરી દેવાયો હતો. આ દરમ્યાન ટોચના અધિકારીઓએ પણ અન્દર -વેશ માટે ફાંફે ચડવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. તો કેટલાકે પોલીસ સાથે પણ શાબ્દિક ઘર્ષણમાં ઉતારવું પડ્યું હતું. શપથવિધિ સમારંભ શરુ થાય તે પૂર્વે ખીચોખીચ ભરાયેલા હોલમાં બેઠક વ્યવસ્થાનો ˝ માથાના દુખાવારૂપ બન્યો હતો. આ દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

**ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦ ૦૧૪**

માઈક્રોબાયોલોજી અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની જાહેરાત

**B.Sc.**(વિજ્ઞાન વિશારદ) : ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ) 'બી' ગ્રૂપ સાથે પાસ થયેલા માટે તથા **M.Sc.** (વિજ્ઞાન પારંગત) : માઈક્રોબાયોલોજી વિષય સાથે, સ્નાતક કક્ષાએ ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે, સંસ્થાએ નક્કી કરેલ પ્રવેશના ધોરણ, ઉપલબ્ધ જગ્યા (સીટ) તથા છાત્રાલયની ક્ષમતાને આધારે પ્રવેશ મળશે. અભ્યાસક્રમને લગતી અન્ય માહિતી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org, www.gujaratvidyapith.ac.in પરથી મેળવી શકાશે.

તા. ૧૪-૫-૨૦૧૪ — રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ







શુભેચ્છક

**હિતેન્દ્ર પટેલ**

મહામંત્રી : ગાંધીનગર જીલ્લા ભારતીય જનતા પાર્ટી

ચેરમેન : રૂદ્રાક્ષ હોસ્પિટલ, નરોડા, અમદાવાદ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com